# IAS કે.રાજેશ સોમવાર ૩ વાગ્યા સુધી રિમાન્ડ પર

**લાંબી તપાસ બાદ અંતે કે.રાજેશની ગઈકાલે બુધવારના રોજ મોડી રાત્રે ધરપકડ કરી લેવામાં આવી હતી. સીબીઆઇ કે રાજેશને ધરપકડ કરી ગાંધીનગર લઈ ગઈ હતી**

ગાંધીનગર, તા.૧૪

કલેક્ટર પદેથી વ્યાપક ભ્રષ્ટાચારના આરોપસર ધરપકડ કરવામાં આવેલા ૈંછજી કે.રાજેશને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ઝ્રમ્ૈં દ્વારા વધુ પૂછપરછ માટે રીમાન્ડની માંગણી કોર્ટ સમક્ષ કરવામાં આવી હતી. જેને ગ્રાહ્ય રાખતા કોર્ટે IAS કે.રાજેશ સોમવાર સુધીના રિમાન્ડ પર મંજૂર કરી દીધા છે. કોર્ટે સોમવારના બપોરના ૩ વાગ્યા સુધીના રિમાન્ડ CBI ને આપતા કે રાજેશની મુશ્કેલીઓ દિવસે દિવસે વધી રહી છે. આ રિમાન્ડ દરમિયાન લાંચ અને ભ્રષ્ટાચારથી અત્યાર સુધી ફૂલ્યા ફાલેલા કે રાજેશની તમામ કુંડળી બહાર આવશે.



લાંચ અને ભ્રષ્ટાચાર કેસમાં સંડોવાયેલા IAS અધિકારી કે.રાજેશ પર CBI એ ગાળિયો કસ્યો છે.લાંબી તપાસ બાદ અંતે કે.રાજેશની ગઈકાલે બુધવારના રોજ મોડી રાત્રે ધરપકડ કરી લેવામાં આવી હતી. સીબીઆઈ કે રાજેશને ધરપકડ કરી ગાંધીનગર લઈ ગઈ હતી.

કે.રાજેશ ૨૦૧૧ બેચના IAS અધિકારી છે. ધરપકડ પહેલા સામાન્ય વહીવટી વિભાગમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે ફરજ બજાવતા હતા. કે. રાજેશ સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર તરીકે ફરજ બજાવી ચુક્યા છે. સુરેન્દ્રનગર કલેક્ટર બાદ ગૃહ વિભાગમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે બદલી થઇ હતી. ગૃહ વિભાગમાં બદલીના ગણતરીના દિવસોમાં જ તેમને સાઈડ પોસ્ટ કરાયા હતા.

રાજેશ સુરેન્દ્રનગરના કલેક્ટર હતાં તે સમયે સરકારી જમીનનો ખેલ પાડવાના વિવાદમાં તેઓ ફસાયા હતા. સૌરાષ્ટ્રમાં એરપોર્ટ નજીક ૧ હજાર ૪૭ એકર જમીનમાં કે. રાજેશ ફસાયા હતા. આ કેસમાં કે.રાજેશને સજા નહોતી મળી. જ્યારે અન્ય ૨ ય્છજી કેડરના અધિકારીને જેલની સજા ફટકારવામાં આવી હતી. આ બોગસ સરકારી દસ્તાવેજથી ચોટીલા, બામણબોર, મેવાસા અને શેખલીયામાં કૌભાંડ થયું હતુ હતું. જેથી બામણબોરની જમીન મુદ્દે તપાસ થવા પર રાજકોટ કનેક્શન ખુલવાની શક્યતા સેવાઈ રહી હતી.

તદુપરાંત સુત્રો પાસેથી જાણવા મળતી વિગત અનુસાર IAS અધિકારી કે.રાજેશે અનધિકૃત ૧૦૦ આર્મ્સ લાયસન્સ ઈસ્યુ કર્યાનો પણ ખુલાસો થયો હતો. અધિકારી સુરેન્દ્રનગરના કલેક્ટર હતા, ત્યારે પોલીસની NOC ન હોવા છતાં લાયસન્સ ઈસ્યૂ કર્યા હતા. આ કેસમાં કે. રાજેશ પર ભ્રષ્ટાચારનો આરોપ પણ લાગેલો હતો. જેથી CBI દરેક લાયસન્સનો તોડ મેળવી ભ્રષ્ટાચાર કેસમાં ગાળિયો કસી રહી છે. ઉપરોક્ત કાર્યવાહીના ભાગ રૂપે ૈંછજી અધિકારી કે.રાજેશની ધરપકડ કરી તેમણે ગાંધીનગર લઈ જવામાં આવ્યા છે.

# શહેરના સરકારી આવાસોમાં અનઅધિકૃત કબજા સામે ૧૭૫ કિસ્સામાં કોર્ટ કેસ

**ઇવિકશન કોર્ટમાં કેસ પેન્ડીંગ રહેતા અરજદારોની પ્રતિક્ષા યાદીને પણ ઝડપથી ન્યાય મળતો નથી**

ગાંધીનગર, તા ૧૪

શહેરના સરકારી આવાસોમાં અનઅધિકૃત કબજેદારોને દુર કરવા માટે તંત્રએ ઝુંબેશ હાથ ધરી છે. જયારે આ અન્વયે ઈવિકશન કોર્ટમાં અગાઉ દાખલ કરાયેલા ૧૭૫ જેટલા કેસ લાંબા સમયથી પેન્ડીંગ છે. જેનો નિકાલ ઝડપથી આવે તે પણ અનિવાર્ય છે. સરકારી આવાસ મેળવવા માટે વિભાગના ચોપડે અરજદારોની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. જો કે તંત્રએ ટીમો બનાવી આકસ્મિક તપાસ માટે ઝુંબેશ પણ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સરકારી આવાસોમાં અનઅધિકૃત કબજેદારોનો વસવાટ હોવાની ફરિયાદો વધી છે. ત્યારે સેકટરોમાં રહેણાંકને લાયક મકાનો પણ ઉપલબ્ધ નથી ત્યારે આ સ્થિતિ આવાસની માંગણી કરતા કર્મચારીઓ માટે અત્યંત શિરદર્દ સમાન બની છે. જયારે અગાઉ અન અધિકૃત કબજેદારોનો તાગ મેળવવા માટે તંત્ર કક્ષાએથી અભ્યાસ પણ હાથ ધરવામાં આવ્યો હતો. જયારે શહેરના અંદાજિત ૩૦૦ જેટલા મકાનોમાં અનઅધિકૃત કબજેદારો હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ જયારે નિવૃતિ, અવસાન અને બદલી સહીતના કિસ્સામાં કોવિડના સમયગાળામાં સરકાર કક્ષાએથી મંજુરી આપી દેવાયા બાદ તંત્રની મહેનત માથે પડે તેવી સ્થિતિ ઉભી થઇ હતી જેથી સર્વેના અંતે દાખલ કરવામાં આવેલા કોર્ટ કેસ પણ પરત કરવા પડયા હતા.

જયારે હાલની સ્થિતિએ પણ શહેરમાં અનઅધિકૃત કબજેદારોની સંખ્યા વિશેષ હોવાનુ મનાય છે. એકબાજુ તંત્રએ આ મામલે ઝુંબેશ હાથ ધરી છે. સે-૬ માં પણ થોડા દિવસો અગાઉ તપાસ હાથ ધરીને ૧૨ કિસ્સામાં પેટાભાડુઆતોનો વસવાટ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ જો કે અનઅધિકૃત કબજાના મામલે ઈવિકશન કોર્ટમાં પણ હજુ ૧૭૫ જેટલા કેસ પેન્ડીંગ છે. જેનો પણ નિકાલ આવતો નથી. શહેરના સેકટરોમાં એકબાજુ રહેણાંકને લાયક મકાનો રહ્યા નથી અલબત્ત સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. ત્યારે અરજદારોને રહેવા માટે મકાન ફાળવવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. ત્યારે તંત્રએ હાથ ધરેલી ઝુંબેશના અંતે વિભાગની પ્રતિક્ષા યાદીમાં રહેલા અરજદારોને પણ ઝડપથી ન્યાય મળશે તેમ પણ મનાઈ રહ્યુ છે.



થોડાક જ વરસાદમાં ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા અને તેના કારણે ખુબ ગંદકી ફેલાઈ છે. કર્મચારીઓની જ્યાં ખુબ અવરજવર રહે છે તેવા મીના બજારમાં તો પગ મુકવાની ઈચ્છા ન થાય તેટલી ગંદકી ફેલાઈ છે. ઠેર ઠેર પડેલા ખાડાઓમાં પાણી ભરાતા અહીંથી પસાર થવું મુશ્કેલ બન્યુ છે. અહીં ખાણીપીણીની ઘણી બધી દુકાનો આવેલી છે ત્યારે અહીં ફેલાયેલી ગંદકી રોગચાળાને આમંત્રણ આપી શકે છે.

## 'કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી' ખાતે ૬૦ ડ્રોન ઈન્સ્ટ્રક્ટર તૈયાર કરાયા

**ડ્રોન મેન્યુફેક્ચરીંગ એન્ડ સર્વીસીસ, ડ્રોન ડેટા પ્રોસેસીંગ એન્ડ એનાલીટીક્સ જેવા આવશ્યક અભ્યાસક્રમો પણ તૈયાર કરાયા**

ગાંધીનગર, તા. ૧૪

પ્રવક્તા મંત્રી જીતુભાઇ વાઘાણીએ ડ્રોન ટેકનોલોજી એક વિકસિત થઈ રહેલુ ક્ષેત્ર છે તેમ જણાવતા કહ્યું કે રાજ્યના સર્વાંગી વિકાસમાં ડ્રોન ટેકનોલોજી મહત્વની સાબિત થશે. ત્યારે ડ્રોન ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કૃષિ ક્ષેત્રે ખાતર અને જંતુનાશકોના છંટકાવ તથા કૃષિ ઉપજની ઉત્પાદકતા વધારવા, ટ્રાફિક મેનેજમેન્ટ, જમીન સર્વે તથા આરોગ્ય સેવામાં લોહી કે માનવ અંગોને પહોંચાડવા તેમજ ઈ-કોમર્સ ક્ષેત્રે થવાની સંભાવના છે. જેથી આવનારા સમયમાં તાલીમબધ્ધ ડ્રોન પાયલટની માંગ વધશે. નજીકના ભવિષ્યમાં આવનારી આ ડ્રોન પાયલટની માંગને પહોંચી વળવા રાજ્ય સરકારનું નક્કર આયોજન છે. વર્તમાન પરસ્થિતિમાં રૂ.૫૦ હજાર થી રૂ.૭૦ હજાર જેટલી ફી લઈ ડ્રોન તાલીમ આપવામાં આવતી હોય છે ત્યારે રાજ્ય સરકાર નજીવી ફી થી આ તાલીમ આપશે.

મંત્રીએ વધુમાં જણાવતાં કહ્યું કે ડ્રોન પાયલટ તાલીમ ખૂબ જ સંવેદનશીલ તેમજ જાહેર સુરક્ષાને સ્પર્શતી હોઇ ભારત સરકારના ડાયરેક્ટર જનરલ સિવિલ એવિએશન વિભાગ દ્વારા કડક મંજૂરી પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે.

# તારંગા હિલ-અંબાજી-આબુ રોડ રેલવે લાઈન : પરિયોજના એક, લાભ અનેક

**૨૭૯૮ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ૧૧૬.૬૫ કિ.મી. લાંબી રેલવે લાઈનથી અંબાજી મંદિર અને શ્રી અજીતનાથ જૈન મંદિર યાત્રાધામનો વિકાસ થશે**

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત તેની સંસ્કૃતિ, કળા, અભયારણ્યો, યાત્રાધામો, ઐતિહાસિક ધરોહરો અને પ્રવાસન સ્થળોના વિકાસના કારણે આજે દેશના પ્રવાસન ક્ષેત્રે અગ્રેસર બન્યું છે. ગુજરાતમાં દર મહીને સરેરાશ ૧૦૦ લાખથી પણ વધુ પ્રવાસીઓનું આગમન થાય છે. ગુજરાતના ટોપ-૧૦ પ્રવાસન સ્થળો અને ટોપ-૫ યાત્રાધામોમાં સ્થાન પામનાર પવિત્ર યાત્રાધામ અંબાજીમાં જ દર મહીને સરેરાશ પાંચ લાખથી વધુ શ્રદ્ધાળુઓ દર્શનાર્થે પધારે છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોનો સતત વિકાસ થતો રહ્યો છે.

તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં કેન્દ્ર સરકારે ગુજરાતને વધુ એક મહત્વની ભેટ આપી છે. કેન્દ્ર સરકાર દ્વારા તારંગા હિલથી અંબાજી અને અંબાજીથી આબુ રોડ સુધીની ૧૧૬.૬૫ કિ.મી. લાંબી નવી રેલવે લાઈનને મંજૂરી આપવામાં આવી છે. જેમાં ૮૨ કિ.મી. રેલવે લાઈન ગુજરાત સીમામાં જ્યારે ૩૪ કિ.મી. રેલવે લાઈનનું રાજસ્થાનની સીમામાં નિર્માણ થશે. એટલું જ નહિ, નવી રેલ પરિયોજના તૈયાર થતાં અમદાવાદ-આબુરોડ રેલવે લાઈનનો વૈકલ્પિક રેલવે રૂટ મળશે. આ રેલવે લાઈનથી ગુજરાતના ૨ મહત્વપૂર્ણ યાત્રાધામોની કનેક્ટીવીટીમાં વધારો થતા રોજગારીની નવી તકો સર્જાશે અને સાથે જ યાત્રાધામોનો પણ વિકાસ થશે.

૫૧ શક્તિપીઠમાં અગ્રીમ સ્થાન ધરાવતા યાત્રાધામ અંબાજીમાં મા અંબાના દર્શન કરવા દર વર્ષે ભારતભરમાંથી અનેક શ્રદ્ધાળુઓ ત્યાં આવતા હોય છે. બીજી બાજું તારંગા હિલ પર જૈન ધર્મના ૨૪ તીર્થંકરમાંથી એક શ્રી અજીતનાથ જૈન મંદિર આવેલું હોવાથી અનેક યાત્રાળુઓ ત્યાં દર્શનાર્થે પધારતા હોય છે. ધાર્મિક દ્રષ્ટીએ આ બંને ધામ લોકોની આસ્થા અને ભક્તિ સાથે જોડાયેલા છે. લગભગ ૨૭૯૮.૧૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર આ રેલવે લાઈનથી માત્ર શ્રદ્ધાળુઓને જ નહિ પણ આ રેલવે જ્યાંથી પસાર થાય છે તેવા ઉત્તર ગુજરાતના મહેસાણા, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાના વિકાસને પણ વેગ મળશે. તારંગા હિલથી અંબાજી થઇ આબુરોડ સુધીની આ રેલવે લાઈન વિશ્વની સૌથી પ્રાચીન ગિરિમાળામાં પ્રસ્થાપિત થશે.

# રાજ્યમાં ૧૬૪ તાલુકામાં મેઘ મહેરબાન

**ગુજરાતમાં સરેરાશ ૪૬.૭૦ % વરસાદ નોંધાયો, કચ્છમાં ૯૭.૫૪ ટકા વરસાદે, કપરાડામાં સૌથી વધુ ૧૧ ઇંચ વરસાદ**

અમદાવાદ,તા.૧૪

રાજ્યમાં છેલ્લા થોડા દિવસથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. ત્યારે છેલ્લા ૧૮ કલાકમાં કુલ ૧૬૪ તાલુકમાં વરસાદ વરસ્યો છે. સૌથી વધુ દક્ષિણ ગુજરાતના કપરાડામાં ૧૧ ઈંચ વરસાદ ખાબક્યો છે. દક્ષિણ ગુજરાતમાં સતત વરસી રહેલા ધોધમાર વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, હજી બે દિવસ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત માટે ભારે છે. આ વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

વરસાદી આંકડા પ્રમાણે, રાજ્યનાં કુલ ૧૬૪ તાલુકમાં વરસાદ વરસ્યો છે. આ સાથે વલસાડ કપરાડામાં ૧૧ ઈંચ, ડાંગના સુબીરમાં ૯.૪૪ ઈંચ, પારડીમાં ૯ ઈંચ, ધરમપુરમાં ૮.૫૨ ઈંચ, નવસારીમાં ખેરગામમાં ૭.૫૬, વડોદરાના ડભોઈમાં ૮ ઈંચ, વાસંદામાં ૬.૮૮, વલસાડમાં વાપી ૬.૮૮ ઈંચ, નર્મદાના નાંદોદમાં ૭ ઈંચ, ડાંગના આહવામાં ૬.૦૮ ઈંચ, ડાંગ વઘઈમાં ૫.૫૬ ઈંચ, કરજણમાં ૫ ઈંચ વરસાદ નોંધાયો છે. આગામી પાંચ દિવસ હજુ પણ ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સમગ્ર ગુજરાતમાં સરેરાશ ૪૬.૭૦ % વરસાદ નોંધાયો છે તો કચ્છમાં ૯૭.૫૪ ટકા વરસાદ નોંધાયો છે. ઉત્તર ગુજરાતમાં ૨૬.૨૫ ટકા વરસાદ નોંધાયો પૂર્વ મધ્ય ગુજરાતમાં ૩૭.૯૨ % વરસાદ થયો છે.

સૌરાષ્ટ્રમાં ૪૭.૨૩ % વરસાદ નોંધાયો છે અને દક્ષિણ ગુજરાતમાં ૫૭.૩૬ ટકા વરસાદ નોંધાયો. જેના કારણે ગુજરાતની નદીઓ બે કંઠે વહી રહી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિ ભારે વરસાદના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહન્તિએ જણાવ્યું છે કે, આજે સૌરાષ્ટ્ર કચ્છ અને દક્ષિણ ગુજરાતના અમુક જિલ્લામાં અતિભારે વરસાદની સંભાવના છે. સાથે અન્ય વિસ્તારોમાં પણ વરસાદની સ્થિતિ યથાવત હેશે. આજે ૫ જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો ૫ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી છે. ૧૨ જિલ્લામાં ભારે વરસાદ રહેશે. ડાંગ, નવસારી, ગીર સોમનાથ, અમરેલીમાં અત્યંત ભારે વરસાદ થશે.

## ઓગણજમાં ફાર્મની દીવાલ પડતાં પાંચ દટાયા : ત્રણનાં મોત

અમદાવાદ, તા.૧૪

અમદાવાદમાં આજે વહેલી સવારથી શરૂ થયેલા વરસાદને કારણે અનેક જગ્યાએ પાણી ભરાયા છે. ત્યારે શહેરના ઓગણજ વિસ્તારમાં એક મોટી દુર્ઘટના સામે આવી છે. વિગતો મુજબ ઓગણજ વિસ્તારમાં આવેલા દશેશ્વર ફાર્મની દીવાલ પડતા પાંચેક મજૂરો દટાયા હતા. જેની જાણ થતાં જ ફાયર વિભાગ દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી જોકે હાલ મળતા મીડિયા અહેવાલ મુજબ દટાયેલાં મજૂરોમાંથી ત્રણ મજૂરોના મોત થયા છે. આ તરફ હવે બાકીના દટાયેલાં મજૂરોને બહાર કાઢવાની અને ૨ ઈજાગ્રસ્ત વ્યક્તિઓને સારવાર માટે ખસેડવાની કવાયત શરૂ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ ભારે વરસાદ વરસતા ઓગણેજમાં નિર્માણાધીન બિલ્ડીંગની દીવાલ ધસી પડી હતી.

# નવસારી જિલ્લામાં વહેણમાં ફસાયેલા નાગરિકોને ચોપર દ્વારા એરલિફ્ટ કરાયા

ગાંધીનગર, તા.૧૪

અતિભારે વરસાદને પરિણામે નવસારી જિલ્લામાં વહેણમાં ફસાયેલા નાગરિકોને ચોપર દ્વારા એરલિફ્ટ કરાયા છે. એરલિફ્ટ કામગીરી હજુ પણ ચાલુ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૩૯,૧૭૭ નાગરિકોનું સ્થળાંતર કરાયુ છે. કુલ ૧૭,૩૯૪ અસરગ્રસ્ત નાગરિકો સ્વગૃહે પરત ફર્યા છે. દક્ષિણ ગુજરાતમાં સર્જાયેલી વરસાદની પરિસ્થિતિમાં હવે ભારતીય વાયુસેના સક્રિય થયું છે. નવસારી માટે અમદાવાદથી એક દ્વૈ-૧૭ હેલિકોપ્ટર રવાના થયું છે. અન્ય બે હેલિકોપ્ટર જામનગરથી અમદાવાદ થઈ નવસારી પહોંચશે.

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આજે રાજ્યમાં પડી રહેલા વરસાદની પરિસ્થિતિ અંગે સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજી મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, અતિભારે વરસાદને પરિણામે નવસારી જિલ્લાના વિવિધ ગામોમાં પાણીના વહેણમાં ફસાયેલા નાગરિકોને કોસ્ટ ગાર્ડની મદદથી ચોપર દ્વારા છ નાગરિકોને એરલિફ્ટ કરાયા છે અને એરલિફ્ટ થકી રેસ્ક્યુ ઓપરેશનની કામગીરી ચાલુ છે.

મંત્રીએ ઉમેર્યુ કે, રાજ્યના વહીવટી તંત્ર દ્વારા અત્યાર સુધીમાં કુલ ૩૯,૧૭૭ નાગરિકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું. જે પૈકી કુલ ૧૭,૩૯૪ નાગરિકો સ્વગૃહે પરત ફર્યા છે જ્યારે ૨૧,૨૪૩ નાગરિકો વિવિધ આશ્રયસ્થાનોમાં આશરો લઈ રહ્યાં છે, જેમને ભોજન સહિત પૂરતી વ્યવસ્થા વહીવટીતંત્ર દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. આ પરિસ્થિતિમાં પાણીમાં ફસાયેલા કુલ ૫૭૦ નાગરિકોનું રેસ્ક્યૂ કરી તેમના જીવ બચાવવામાં આવ્યા છે. અતિ ભારે વરસાદવાળા નવસારી, ચિખલી અને ગણદેવી વિસ્તારમાં વહીવટીતંત્ર ખડે પગે છે.

રાજ્યમાં અસરગ્રસ્ત જિલ્લાઓમાં ૧૯ એનડીઆરએફની ટીમ તહેનાત કરાઇ છે જ્યારે ૧ ટીમ રિઝર્વ રખાઈ છે. જ્યારે ૨૨ એસડીઆરએફની પ્લાટુન અને એક ટીમ ડીપ્લોય કરવામાં આવી છે, જ્યારે એસડીઆરએફની ચાર પ્લાટુન અને એક ટીમ રિઝર્વ રાખવામાં આવી છે.



# ભારે વરસાદથી ચીખલી-વલસાડ હાઈવે બંધ, મુંબઈનો માર્ગ વ્યવહાર ખોરવાયો

**પુર્ણા તેમજ અંબિકા નદીનું જળસ્તર પણ ભયજનક સપાટીથી ઉપર નીકળી ચૂક્યું છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો હોવાની નવસારી કલેક્ટરની જાહેરાત**

અમદાવાદ, તા.૧૪

ગુજરાતના અનેક ભાગોમાં આજ સવારથી ફરી ધોધમાર વરસાદ શરુ થયો છે. અમદાવાદ, મધ્ય ગુજરાત ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં પણ ભારે વરસાદ પડ્યાના અહેવાલ છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડમાં અતિભારે વરસાદ થતાં ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા છે. જેના કારણે ચીખલી-વલસાડ હાઈવે હંગામી ધોરણે બંધ કરવામાં આવ્યો છે. નવસારીના કલેક્ટરે આ અંગે ટ્વીટર પર જાહેરાત કરતા જણાવ્યું હતું કે ભારે વરસાદને કારણે નેશનલ હાઈવે ૪૮ બંધ કરાયો છે. પાણીનું સ્તર ઉતરતા જ તેને ફરી ખોલવામાં આવશે. આ રસ્તા પરથી પ્રવાસ ટાળવા પણ લોકોને અપીલ કરવામાં આવી છે. પુર્ણા તેમજ અંબિકા નદીનું જળસ્તર પણ ભયજનક સપાટીથી ઉપર નીકળી ચૂક્યું છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે.નવસારીમાં હજુ ત્રણ દિવસ પહેલા જ ધોધમાર વરસાદના કારણે પુણા નદીના પાણી શહેરમાં ફરી વળ્યા હતા. ત્યારબાદ ગઈકાલ રાતથી ફરી વરસાદ શરુ થતાં નવસારીમાં ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા છે.

જિલ્લા કલેકટર અમિત પ્રકાશના જણાવ્યા અનુસાર, મહુઆ તાલુકા અને તેનાથી ઉપરના વિસ્તારમાં પાણીની આવક ખૂબ જ વધારે છે. જેના કારણે પુર્ણા નદીમાં જળસ્તર વધીને ૨૬.૫ ફુટ સુધી પહોંચી જતાં નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને એલર્ટ રહેવા માટે જણાવાયું છે.

## કહેર યથાવત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નોંધાયેલા કેસના બધા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્યવિસ્તારમાં ૬૨૦૦ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં ૪ લોકો રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસો સાથે ૧૦૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા ઝડપથી વધી રહી છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે માટે તાકીદ કરી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૩૦ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં ૧૧ મહિલા દર્દી છે. પાંચ દર્દી ૬૦ થી વધુ વયના છે.

ગાંધીનગર શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા આઈઆઈટીમાં આજે વધુ ૬ કેસ નોંધાયા છે. પેથાપુરમાંથી પાંચ કેસ મળ્યા છે. સરગાસણમાંથી ૩ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત વાવોલ, કુડાસણ, રાંદેસણ, રાયસણમાંથી પણ એક એક કેસ મળેલ છે.

સે. ૩૦, સે. ૨૨, સે. ૨ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૯, ૩, ૪, ૧૯, ૧ અને ૭ માંથી એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે ૩૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. રિકવરી રેટ ૮૦ ટકા જેટલો હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કોરોનાના હળવા લક્ષણો જણાયા હોવાનું તંત્રએ સ્વીકાર્યુ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

આજે નોંધાયેલા દર્દી સાથે શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૧૪૦ જેટલી છે. તંત્રએ સર્વેલન્સ તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા પણ તાકીદ કરી છે.

## જોખમી વૃક્ષો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોખમી વૃક્ષોની સંખ્યા પણ વધુ છે. સુકાયેલા વૃક્ષોના ડાળાઓ પણ ગમે ત્યારે જમીન દોસ્ત થતા રાહદારીઓ માટે જાનલેવા પુરવાર થાય તેવી સ્થિતિ છે. સે-૨૦ માં પણ અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટ પાસે સુકાયેલા વૃક્ષનુ એક તોતિંગ ડાળુ અચાનક પડતા એક યુવતિનો સદનસીબે બચાવ થયો હતો. શહેરમાં સમયાંતરે સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવતુ હોવાનુ પણ વનતંત્ર કક્ષાએથી જણાવામાં આવે છે જયારે સે-૨૦ માં આ ઠેકાણે ભયજનક વૃક્ષો દુર કરવા માટે અગાઉ પણ વનતંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી શહેરના સેકટરોમાં અનેક ઠેકાણે વૃક્ષો નમી પડેલી અને જોખમી હાલતમાં પણ જોવા મળી રહ્યા છે. જયારે વન આરક્ષિત વિસ્તારમાં પણ અનેક ઠેકાણે નમી પડેલા અને ઉભા સુકા વૃક્ષો પણ જોવા મળી રહ્યા છે. આમછતા વનતંત્ર કક્ષાએથી આ પ્રકારના ભયજનક વૃક્ષો દુર કરવામાં આવતા નથી. ત્યારે વરસાદી દિવસો દરમિયાન આ પ્રકારના જોખમી વૃક્ષો ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત પણ પ્રબળ બની છે. બે વર્ષ અગાઉ વનતંત્ર કક્ષાએથી ઉભા સુકા જોખમી વૃક્ષો અંગે સર્વે પણ કરવામાં આવ્યો હતો. પરંતુ સુકા વૃક્ષોની કટોતી સામે તેની સંખ્યા પણ વધી રહી છે જેથી આ મામલે શહેરમાં એકવાર સર્વે હાથ ધરીને સુકા અને જોખમી વૃક્ષોની કટોતી કરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

## અંધારપટ્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવા સંજોગોમાં મુખ્ય માર્ગો ઉપર પણ સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા વાહનચાલકો માટે જોખમી સ્થિતિ સર્જાઇ છે. શહેરમાં ટ્રાફિકની અવરજવરથી ભરચક રહેતા રક્ષાશકિત સર્કલથી રીલાયન્સ ચોકડી તરફ જવાના માર્ગ પર સ્ટ્રીટ લાઈટો બંધ છે. છેલ્લા એક સપ્તાહથી લાઈટો ડુલ રહેવાના લીધે આ વિસ્તારમાં રાત્રિના સમયે અંધારપટ્ટ જોવા મળે છે. આ ઉપરાંત સરગાસણ તરફ જવાના માર્ગ પર પણ લાઈટો બંધ રહેવાથી વાહનચાલકોને ડગલે ને પગલે પરેશાની વેઠવી પડે છે. આ વિસ્તારમાં રાત્રિના સમયે ટ્રાફિકની અવરજવર રહે છે જયારે ડમ્પર સહીતના ભારે વાહનો પણ વિશેષ અવરજવર કરતા હોવાથી અંધારપટ્ટની સ્થિતિમાં માર્ગ સલામતી સામે મોટુ જોખમ ઉભુ થયુ છે. આ વિસ્તારમાં મેટ્રો લાઈનનુ કામ પણ ચાલી રહ્યુ છે. જેના લીધે ટ્રાફિક સિનારીયો આમ પણ બદલાયેલો છે. આવા સંજોગોમાં માર્ગ સલાતમીને જોખમમાં મુકતા અનેક પરિબળો અસ્તિત્વમાં આવ્યા છે ત્યારે આ બન્ને માર્ગ પર છેલ્લા એક સપ્તાહથી સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા રાત્રિના સમયે વાહનચાલકો માટે આ વિસ્તારમાંથી પસાર થવાનુ મુશ્કેલ અને જોખમી બન્યુ છે. જયારે રાત્રિના સમયે અનેકવાર અકસ્માતો પણ સર્જાય છે. મહીલાઓ અને સિનિયર સિટીઝન્સ માટે આ વિસ્તરમાં અવરજવર કરવાનુ મુશ્કેલ બન્યુ છે. ત્યારે આ માર્ગ પર ત્વરિત અસરથી બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ થાય તે માટે યોગ્ય પગલા લેવા પણ સ્થાનિકોએ ઉગ્ર માંગ કરી છે.

## મોંઘવારી વધી

● અનુસંધાન પહેલાનું ચાલુ

૪૦.૩૮ ટકા થયું છે. પેટ્રોલના ભાવ મહિના પહેલાના ૫૮.૭૮ ટકાથી ઘટીને ૫૭.૮૨ ટકા થયા છે.

મેન્યુફેકચરિંગ પ્રોડકટ્સનો ડબલ્યુપીઆઈ ઈન્ડેકસ જૂનમાં ઘટીને ૯.૧૯ ટકા થયો હતો જે અગાઉના મહિનામાં ૧૦.૧૧ ટકા હતો.

મંગળવારે આવેલ ગ્રાહક સ્તરના મોંઘવારી દરના આંકડા પણ જૂનમાં ૭%થી ઉપર રહ્યાં હતા અને સતત છઠ્ઠા મહિને સેન્ટ્રલ બેંકના નિર્ધારિત બેન્ડની બહાર રહ્યો હતો.

અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે છેલ્લા બે મહિનામાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેંચમાર્ક રેટમાં ૯૦ બેસિસ પોઈન્ટનો વધારો અને નિકાસ પર અંકુશ હોવા છતાં વૈશ્વિક ક્રૂડ ઓઈલ અને સ્થાનિક ભાવમાં વધારો થવાને કારણે ફુગાવો સામાન્ય જ ઘટ્યો છે. સામે પક્ષે ડોલર સામે રૂપિયામાં આ વર્ષે લગભગ ૭%ના ઘસારાને કારણે કંપનીઓ તેમજ ગ્રાહકો માટે આયાતી ખાદ્યપદાર્થો અને એનર્જી પ્રોડકટોના ભાવમાં વધારો થયો છે.